# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

રજી. અને કોર્પોરેટ ઓફીસ, લક્ષ્મીનગર, નાના મવા મેઇન રોડ, રાજકોટ – ૩૬૦ ૦૦૪

ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૭

e-mail : forum.pgvcl@gebmail.com website : www.pgvcl.com

CIN: U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪(Review)/ક્વા-૧/૨૦૨૨-૨૩/૫૪૧૩-૨ તારીખ : ૦૩-૦૮-૨૦૨૨

રજી. એડી. પત્ર

**Review Order**

પ્રતિ,

પરમાર રૂપેશભાઈ વિરેન્દ્રસિંહ (મો.નં. ૯૩૭૭૭૫૧૯૯૮)

C/o. નાયબ કાર્યપાલક એન્જી. આવાસ યોજના,

એ-૩૦૯, બી.કે. નરસીંહ મેહતા ટાઉનશીપ,

ડી-માર્ટની પાછળ, કુવાડવા રોડ,

મુ.પો. રાજકોટ – ૩૬૦૦૦૩ તા./ જી. રાજકોટ

વિષય: CGRF રાજકોટના સંદર્ભિત ચુકાદા સામે રીવ્યુ અરજી અંગે બાબત.

સંદર્ભ: હુકમ નં.પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૪/કવા-૧/૨૦૨૨-૨૩/૩૯૨૫-૧, તા.૦૭.૦૬.૨૦૨૨

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ રીવ્યુ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે શામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(સી. જે. ગજેરા)

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, આજી-૨ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com
E-Mail- forum.pgvcl@gebmail.com

## :: રીવ્યુ ઓર્ડર ::

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૪(R)/ક્વા-૧/૨૨-૨૩/૫૪૧૩-૨ તા.૦૩-૦૮-'૨૨

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG-૧૪(R)/ક્વા-૧/૨૨-૨૩

| | |
|---|---|
| અરજદાર | : પરમાર રૂપેશભાઈ વિરેન્દ્રસિંહ ગામ: રાજકોટ |
| પેટાવિભાગીય કચેરી | : આજી-૨ |
| રજૂઆત કરનાર | : અરજદાર પરમાર રૂપેશભાઈ વિરેન્દ્રસિંહ સાથે પરમાર સુમનબેન રૂપેશભાઈ હાજર રહેલ હતા. |

### :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૧ |
| રજૂઆત કરનાર | : શ્રી કે.સી.પારેખ, અધિક્ષક હિસાબનીશ (રેવન્યુ), પીજીવીસીએલ, વિભાગીય કચેરી – રાજકોટ શહેર-૧ હાજર રહેલ છે. |

### :: કોરમ ::

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી.મકવાણા |
| ૨) સભ્ય(ટેકનીકલ) | - શ્રી એન.જી.કારીયા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૨૦-૦૭-૨૦૨૨ (બુધવાર) |

૧.૦ અરજદારે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમના હુકમ નં ૧૪/ક્વા-૧/૨૨-૨૩//૩૯૨૫-૧ તા.૦૭.૦૬.૨૦૨૨ ની સામે તા.૧૫.૦૬.૨૦૨૨ ના પત્રથી હુકમ રીવ્યુ કરવા અરજી કરેલ, જે અત્રેના ફોરમને તા.૧૬.૦૬.૨૦૨૨ ના રોજ મળેલ, જેથી અત્રેના ફોરમ દ્વારા તા.૧૬.૦૬.૨૦૨૨ થી અરજદારની સદર રીવ્યુ અરજીની નોંધણી પત્ર પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૪(Review)/ક્વા-૧/૨૨-૨૩/૪૧૭૯-૧ તા.૧૬.૦૬.૨૦૨૨ થી કરેલ છે. સદર રીવ્યુ અરજીની સુનાવણી તા.૨૦.૦૭.૨૦૨૨ ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની અગાઉની રજુઆત અને હુકમના સંદર્ભમાં વધુ જાણકારી મળેલ તે મુજબ તેઓનું મીટર બ્લોક નં.૪૦૯ ની જગ્યાં પર લાગેલ છે, અને બ્લોક નં.૪૦૯ નું મીટર અરજદારના બ્લોક નં.૩૦૯ ની જગ્યા પર જે તે સમયે લાગેલ હતું. જેના કારણે અરજદારને પેન્ડીંગ યુનિટનું બીલ ભરવું પડેલ છે. અરજદાર વધુમાં જણાવે છે કે તેઓનું બીલ બ્લોક નં.૪૦૯ વાળા ગ્રાહક ભરતા હતા અને બ્લોક નં.૪૦૯ નું બીલ અરજદાર ભરતા હતા, જે બન્ને વીજબીલોની નકલ અરજદારે ફોરમ સમક્ષ રજુ કરેલ છે. જે બાબત ધ્યાનમાં લઈને ફોરમ દ્વારા અપાયેલ ચુકાદો ફેરવિચારણા કરવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રીવ્યુ અરજી અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદારની પ્રથમ અરજી કે જે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દ્વારા પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/કવા-૦૧/૨૦૨૨-૨૩/૨૯૯૫-૨ તારીખ:-૨૬.૦૪.૨૦૨૨ થી નોંધાયેલ હતી, તેના અનુસંધાને સદર કેસની સુનાવણી થયેલ પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૩/કવા-૦૧/૨૦૨૨-૨૩/૩૯૨૫-૧ તારીખ:-૦૭.૦૬.૨૦૨૨ થી હુકમ અપાયેલ છે, પરંતુ ગ્રાહક દ્વારા સદર બાબતે વધુ વિગતો સાથે સદર હુકમ રીવ્યુ કરવા માટે અરજી કરેલ, જે અન્વયે ફોરમ દ્વારા કરાયેલ નોંધણી અન્વયે આજી-૨ પેટાવિભાગીય કચેરી દ્વારા સ્થળ પર રોજકામ કરવામાં આવેલ અને ગ્રાહકશ્રી ને તેમના વીજ વપરાશનું બીલ બાજુના મીટરમાં મીટરના વાંચન મુજબ આપવામાં આવેલ હતું અને તેમના ખરેખર વપરાશના બદલે ઉલટ સુલટ બીલ બનાવવામાં આવેલ છે, જે સ્થળ તપાસમાં પુરવાર થયેલ. સદર બાબતે અરજદારની ફરિયાદનું નિરાકરણ થતું હોવાથી તા.૧૨.૦૭.૨૦૨૨ ના રોજ રૂબરૂ કચેરીમાં બોલાવીને સ્પષ્ટતા કરતા અરજદારે લેખિત સમંતિ હેઠળ, સમાધાન પત્રમાં સહી કરી આપેલ છે. સદર સમાધાનપત્ર મુજબ રૂ.૩૮૩૨૪.૦૪ સદર ગ્રાહક નં – ૮૭૨૦૪/૧૩૮૩૮/૩ ખાતે ઉધાર કરાયેલ હતા તે જમા આપવાની નોંધ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની લેખિત રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની ફરિયાદ મુજબ તેઓ દ્વારા રજુ કરાયેલ બીલ મુજબ નાયબ કાર્યપાલક આવાસ યોજના A-309 બી.કે.નરશી મહેતા ટાઉન શીપ, કુવાડવા રોડ રાજકોટ રણછોડનગર પેટાવિભાગીય કચેરી હેઠળ તા:૧૮.૦૬.૨૦૧૮ થી ઘરવપરાશ વીજજોડાણ ગ્રાહક નંબર:૮૭૨૦૪/૧૩૮૩૮/૪ થી ૧.૫ કીવોનું ધરાવે છે. સદર વીજજોડાણમાં પીજીવીસીએલ દ્વારા ગ્રાહકને માહે ફેબ્રુઆરી-માર્ચ-૨૦૨૨ નું ૪૬૨૨ યુનીટનું બીલ રકમ રૂા.૩૮૩૫૪.૦૮નું આપવામા આવેલ હતું. જે અનુસંધાને અરજદાર દ્વારા ફોરમમાં કરાયેલ ફરિયાદ અન્વયે તા.૩૧.૦૫.૨૦૨૨ ના રોજ બન્ને પક્ષકારોની સુનાવણી કર્યા બાદ તા.૦૭.૦૬.૨૦૨૨ નાં રોજ ફોરમ દ્વારા ચુકાદો અપાયેલ તેના મુદ્દા નં ૪.૬ મુજબ અરજદારનો વીજ વપરાશ ટેક્નીકલ રીતે શક્ય નથી, પરંતુ મીટરમાં નોંધાયેલ રીડીંગ બરાબર હોવાથી સદર વિવાદીત યુનીટને માહે જુન-જુલાઈ ૨૦૧૮ થી માહે ફેબ્રુઆરી-માર્ચ ૨૦૨૨ સુધીના વીજબીલોમાં રીવાઈઝ કરીને આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવેલ હતી.

૪.૨ ફોરમના હુકમથી અરજદારને અસંતોષ જણાતા અરજદારે તેઓનું વીજબીલ બ્લોક નં. A-309 અને બાજુના બ્લોક નં. A–409 ના વીજબીલનો અભ્યાસ કરતા, વીજબીલ ઉલટસુલટ કરાતા અરજદારે સદર હુકમને રીવ્યુ કરવા તા.૧૫.૦૬.૨૦૨૨ ના રોજ જરૂરી આધાર-પુરાવા સાથે ફરિયાદ નોંધાવેલ જેની નોંધણી અત્રેના ફોરમ દ્વારા તા.૧૬.૦૬.૨૦૨૨ થી રીવ્યુ અરજી તરીકે નોંધીને સંલગ્ન પીજીવીસીએલની કચેરીને એક નકલ મોકલાવેલ જે અન્વયે પીજીવીસીએલ દ્વારા ઉપરોક્ત મુદ્દા નં 3.0 મુજબ અરજદારના વીજજોડાણની સ્થળ તપાસ કરતા જાણવા મળેલ કે અરજદારના મીટર અને બાજુના મીટરના વીજ યુનીટ ઉલટ-સુલટ થયેલ છે તેમ સ્પષ્ટ થતા અરજદારને સદર બાબતે જાણ કરેલ છે તેમજ અરજદારના વીજજોડાણના બિલીંગ ખાતામાં ઉધારેલ રકમ રૂ.૩૮૨૨૪.૦૪ જમા આપવાના થાય છે, જેની કાર્યવાહી થતા અરજદારે તા.૧૨.૦૭.૨૦૨૨ ના રોજ સમાધાન પત્રમાં લેખિત સહી કરી આપેલ છે તે મુજબ અરજદારની સદર ફરિયાદનું નિરાકરણ પીજીવીસીએલ કક્ષાએથી કરાયેલ છે.

૪.3 ઉપરોક્ત મુદ્દા નં.૪.૨ મુજબની વિગતે અત્રેના ફોરમ દ્વારા તા.૩૧.૦૫.૨૦૨૨ ના રોજ થયેલ સુનાવણી અન્વયે તા.૦૭.૦૬.૨૦૨૨ થી ચુકાદો આપેલ હતો જે અરજદારની રીવ્યુ અરજી અને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ લેખિત રજૂઆત મુજબ ફોરમ દ્વારા અપાયેલ અગાઉનો ચુકાદો તા.૦૭.૦૬.૨૦૨૨ રદ કરવામાં આવે છે, તેમજ સદર ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે.

૪.૪ આમ, ફોરમ કક્ષાએથી કંઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | ચેરપર્સન |